# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

***************************************************

1) ભારત અને ચીન સીધી હવાઈ સેવાઓ ફરી શરૂ કરવા સંમત થયા.

2) રશિયાના રાષ્ટ્રપ્રમુખે ડિસેમ્બરમાં ભારતની મુલાકાત માટે આતુર હોવાનું જણાવ્યુ.

3) છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં 103 માઓવાદીઓનું આત્મસમર્પણ.

4) મધ્યપ્રદેશમાં ટ્રેક્ટર-ટ્રોલી નદીમાં પડી જતાં 11ના મોત- મૃતકોના પરિવારને બે લાખ રૂપિયાની સહાયની પ્રધાનમંત્રીની જાહેરાત.

5) મીરાબાઈ ચાનુએ વર્લ્ડ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં રજત ચંદ્રક જીત્યો.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# REV INDIA CHINA

ભારત અને ચીન ઓક્ટોબરના અંત સુધીમાં બંને દેશોમાં નિર્ધારિત સ્થળોને જોડતી સીધી હવાઈ સેવાઓ ફરી શરૂ કરવા સંમત થયા છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે બંને દેશોના નાગરિક ઉડ્ડયન અધિકારીઓ સીધી હવાઈ સેવાઓ ફરી શરૂ કરવા અને સુધારેલા હવાઈ સેવા કરાર પર તકનીકી સ્તરની ચર્ચામાં રોકાયેલા છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ........

(VOICE CAST– KARISHMA)

# PUTIN-INDIA

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે તેઓ આગામી ડિસેમ્બર મહિનાની શરૂઆતમાં ભારતની મુલાકાત માટે આતુર છે. એક કાર્યક્રમમાં બોલતા, રાષ્ટ્રપતિ પુતિને ભારતમાં રશિયાના વિશ્વાસને પુનઃપુષ્ટિ આપી અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સમજદાર નેતા તરીકે વર્ણવ્યા.

રાષ્ટ્રપતિ પુતિને અસરકારક, પરસ્પર ફાયદાકારક વેપાર સંબંધો બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે હવે વધુ તકો ખોલવા માટે મુખ્ય મુદ્દાઓને ઉકેલવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

તેમણે આંતરરાષ્ટ્રીય રાજકીય મુદ્દાઓ પર રશિયા અને ભારત વચ્ચેના મજબૂત સંકલન પર પણ ભાર મૂક્યો. તેમણે વધતા માનવતાવાદી અને સાંસ્કૃતિક સંબંધોની પણ પ્રશંસા કરી.

## DUSERA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે ભારતીય દળો દ્વારા કરવામાં આવેલું ઓપરેશન સિંદૂર આતંકવાદના રાવણ પર માનવતાના વિજયનું પ્રતીક છે. ગઇકાલે સાંજે દિલ્હીના લાલ કિલ્લા ખાતે દશેરા ઉજવણી કાર્યક્રમમાં સંબોધન કરતાં રાષ્ટ્રપતિ મુર્મુએ ભારત માતાનું રક્ષણ કરતા દરેક યોદ્ધાનો આભાર માન્યો.

(BYTE: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ)

## ECI-OBSERVERS-MEETING

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર આજે નવી દિલ્હીમાં બિહાર વિધાનસભા ચૂંટણી અને અન્ય રાજ્યમાં યોજાનારી પેટાચૂંટણીઓ અંગે નવ નિયુક્ત નિરીક્ષકો સાથે બેઠક કરશે.

ચૂંટણી પંચની ટીમ આવતીકાલે અને 5 ઓક્ટોબરે બિહારની મુલાકાત લેશે અને વિધાનસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરશે. ચૂંટણી પંચે બિહાર વિધાનસભા ચૂંટણી તથા જમ્મુ અને કાશ્મીર, રાજસ્થાન, ઝારખંડ અને

તેલંગાણા સહિત આઠ રાજ્યોમાં પેટાચૂંટણીઓ માટે 470 કેન્દ્રીય નિરીક્ષકોની નિમણૂક કરી છે.

## CHHATTISGARH-103 MAOISTS SURRENDERED

છત્તીસગઢમાં, ગઈકાલે બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો સમક્ષ 23 મહિલા સહિત 103 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું. આમાંથી 49 માઓવાદીઓ પર એક કરોડ છ લાખ રૂપિયાથી વધુનું ઈનામ જાહેર કરાયું હતું.

રાજ્ય સરકારની પુનર્વસન નીતિ હેઠળ, દરેક આત્મસમર્પણ કરનાર માઓવાદીને 50 હજાર રૂપિયાની પ્રોત્સાહન રકમ અપાઈ હતી. આ સાથે, આ વર્ષે બીજાપુર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ 410 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. આ ઉપરાંત, 421ની ધરપકડ અને 137 માઓવાદીઓ માર્યા ગયા છે.

## ARUNACHAL-ARMY-RESCUES

ભારતીય સૈનિકોએ અરુણાચલ પ્રદેશમાં બસ અકસ્માતમાં 13 લોકોને બચાવી લીધા છે. સંરક્ષણ પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ મહેન્દ્ર રાવતે જણાવ્યું કે, તવાંગ જિલ્લાના બૈશાખી નજીક 13 મુસાફરોને લઈ જતી બસ કોતરમાં પડી હતી.

ગજરાજ કોર્પ્સના સૈનિકોએ "સ્વ પહેલાં સેવા"ની સર્વોચ્ચ પરંપરાનું પાલન કરીને, તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી તમામ 13 મુસાફરોને સુરક્ષિત રીતે

**બહાર કાઢ્યા હતા. સૈનિકોએ ઇજાગ્રસ્તોને તાત્કાલિક તબીબી સહાય પણ પૂરી પાડી હતી.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# JAISHANKAR-AIRBUS INDIGO MEET

**વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર અને નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ કિંજરાપુએ એરબસના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને ઇન્ડિગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી.**

**આ બેઠક ભારતના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રને મજબૂત બનાવવા અને ભારત-યુરોપ આર્થિક સંબંધોને ગાઢ બનાવવા પર કેન્દ્રિત હતી. નવી દિલ્હીમાં યોજાયેલી આ બેઠક ભારતના ચાલુ માળખાગત સુવિધાઓ, આર્થિક અને શાસન**

પરિવર્તનો પર કેન્દ્રિત હતી, જેમાં બંને મંત્રીઓએ આ ફેરફારો વૈશ્વિક ઉડ્ડયન હિસ્સેદારો માટે જે વ્યૂહાત્મક તકો પ્રદાન કરે છે તેના પર ભાર મૂક્યો હતો.

# MEA-SYNAGOGUE

ભારતે બ્રિટનના માન્ચેસ્ટરમાં યહૂદીઓની ધાર્મિક વિધિ યોમ કિપ્પુર પ્રાર્થના દરમિયાન થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે ભારત આ દુઃખની ઘડીમાં બ્રિટનના લોકો સાથે ઉભું છે. મંત્રાલયે આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ પર થયેલા આ જઘન્ય કૃત્ય પર પણ શોક વ્યક્ત કર્યો હતો.

ગઇકાલે બ્રિટનના માન્ચેસ્ટરમાં હીટન પાર્કની બહાર થયેલા હુમલામાં બેના મોત અને કેટલાક ઇજાગ્રસ્ત થયા હતા.

# MP-ACCIDENT

મધ્યપ્રદેશમાં, ખંડવા જિલ્લાના જામલી ગામમાં ટ્રેક્ટર-ટ્રોલી પુલ પરથી નદીમાં પડી જતાં 11ના મોત અને 3 ઇજાગ્રસ્ત થયા છે. દુર્ગા પ્રતિમા વિસર્જન બાદ પરત ફરી રહેલા વાહનમાં 14 મુસાફરો સવાર હતા. જિલ્લા વહીવટીતંત્ર અને સ્થાનિક ગ્રામજનો દ્વારા મોડી રાત સુધી બચાવ અને રાહત કામગીરી ચાલી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઘટના પર દુ:ખ વ્યક્ત કર્યું છે અને અકસ્માતમાં જીવ ગુમાવનારાઓના પરિવારો પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી

છે. તેમણે ઇજાગ્રસ્તોના ઝડપી સ્વસ્થ થવા પ્રાર્થના કરી છે. પ્રધાનમંત્રીએ મૃતકના પરિવારને બે લાખ અને ઇજાગ્રસ્તોને પચાસ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. જ્યારે મુખ્યમંત્રી મોહન યાદવે મૃતકોના પરિવારજનો માટે ચાર લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

# GG PARIKH- PASSES AWAY

પીઢ ગાંધીવાદી અને સ્વાતંત્ર્ય સેનાની ગુણવંત રાય ગણપતલાલ પરીખનું ગઈકાલે 100 વર્ષની વયે મુંબઈમાં અવસાન થયું છે. શ્રી પરીખે 1942માં ભારત છોડો ચળવળ દરમિયાન અને કટોકટી દરમિયાન જેલવાસ ભોગવ્યો હતો.

મુશ્કેલીઓ છતાં, સામાજિક કાર્યો પ્રત્યેનું તેમનું સમર્પણ ક્યારેય ડગમગ્યું ન હતું. તેમણે 1940ના દાયકાની શરૂઆતથી સૌરાષ્ટ્ર અને મુંબઈમાં આંદોલનોમાં સક્રિય પણે ભાગ લીધો હતો. તેમણે વિદ્યાર્થી નેતા તરીકે કોંગ્રેસના મુંબઈ એકમના પ્રમુખ તરીકે પણ સેવા આપી હતી.

# GST REFORMS- STATIONERY ITEMS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલા GST બચત ઉત્સવથી સમાજના તમામ વર્ગોને ફાયદો થઈ રહ્યો છે.

પ્રસ્તુત છે સ્ટેશનરી વસ્તુઓ પર GST ઘટાડા અંગે એક અહેવાલ......

(VOICE CAST- NITIKA)

# WEIGHTLIFTING-WORLD-C-SHIP

મીરાબાઈ ચાનુએ નોર્વેના ફોર્ડેમાં વર્લ્ડ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં મહિલાઓની 48 કિલોગ્રામ શ્રેણીમાં રજત ચંદ્રક જીત્યો છે. સુશ્રી ચાનુએ 199 કિલોગ્રામ વજન ઉપાડ્યું હતું, જેમાં 84 કિલોગ્રામ સ્નેચ અને 115 કિલોગ્રામ ક્લીન એન્ડ જર્કનો સમાવેશ થાય છે.

ઓલિમ્પિક ચંદ્રક વિજેતા મીરાબાઈ ચાનુ આ મહિનાની 11મી તારીખે પૂર્ણ થનારી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતના 14 સભ્યોના દળનું નેતૃત્વ કરી રહી છે. વર્લ્ડ ચેમ્પિયનશિપ આગામી વર્ષે યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ માટે ક્વોલિફાઇંગ ઇવેન્ટ્સમાંની એક છે.

# CRICKET -IND VS WI

ભારત આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે બે મેચની શ્રેણીની પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચમાં વેસ્ટ ઇન્ડીઝ સામે બે વિકેટે 121 રનના સ્કોરથી પોતાનો પહેલો દાવ ફરી શરૂ કરશે. ગઈકાલે પ્રથમ દિવસની રમત સમાપ્ત થઈ ત્યારે

કે એલ રાહુલ 53 અને શુભમન ગિલ 18 રન પર રમી રહ્યા હતા જ્યારે યશસ્વી જયસ્વાલે 36 રન બનાવ્યા હતા.

આ પહેલા, પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેતા, વેસ્ટ ઇંડિઝની ટીમ પ્રથમ દાવમાં 162 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી મોહમ્મદ સિરાજે ચાર જ્યારે જસપ્રીત બુમરાએ ત્રણ વિકેટ લીધી હતી.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- મુખ્ય અખબારોમાં નવ ગુજરાત સમયે સરકાર- સમાજ વચ્ચેની ખાઈ=નેપાળ- બાંગ્લાદેશમા જનાક્રોશ.. મથાળું આપ્યું છે
- ગુજરાત સમાચારે મથાળું આપ્યું છે- સમાજ વચ્ચેની ખાઈ વધે તો હિંસંક આંદોલન થાય-ભાગવત
- દિવ્ય ભાસ્કર લખે છે જેન ઝી હિંસા એ ચિંતાનો વિષય, દેશમાં પણ આવી તાકતો સક્રિય-ભાગવત
- સંદેશે 500 અબજ ડૉલર ની સંપતિ ધરવાનાર વિશ્વના પ્રથમ વ્યક્તિ - એલન મસ્ક નું મથાળું બનાવ્યું છે જયારે ગુજરાત સમાચારે મસ્કની સંપતિના 500 બિલયન ડૉલર્સ વિશ્વનો પ્રથમ ટ્રીલિયોનર બનવા પ્રબળ દાવેદારના સમાચારને બોક્સમાં છાપયા છે.
- ગુજરાત સમાચારે અમેરિકાના વલણમાં અચાનક વલણમાં અચાનક પલ્ટો, રશિયા વિરુદ્ધ ખુલ્લે આમ યુક્રેનને સમર્થનને પ્રથમ પાને બોક્સમાં છાપયા છે
- દિવ્ય ભાસ્કરે દવા પર 100 % ટેરિફ ટળ્યો; હવે ટ્રમ્પને રોકાણની દરખાસ્તો ની રાહ મે મુખ્ય પાન પર છાપયા છે